RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 342* Date: 02.10.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## હરિયાણામાં ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી બિરેન્દ્ર સિંહ ભાજપ છોડશે ?





ચંડીગઢ,તા.૧

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને શક્તિશાળી નેતા બિરેન્દ્ર સિંહની રાજકીય કારકિર્દી ફરી એકવાર ચોકઠા પર આવીને ઉભી છે. જેજેપીના ભાજપ સાથેના ગઠબંધનના કારણે બિરેન્દ્ર સિંહના તમામ રાજકીય સમીકરણો અસ્તવ્યસ્ત થઈ ગયા છે. હવે તેમના સમર્થકોનું ભાજપ છોડવાનું દબાણ વધી ગયું છે. ૨ ઓક્ટોબરે એકલવ્ય સ્ટેડિયમમાં યોજાનારી તેમની 'મેરી આવાઝ સુનો' રેલી નક્કી કરશે કે તેઓ કયા રસ્તે વળશે. તેમના સમર્થકોએ શનિવારે પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ કહ્યું છે કે બિરેન્દ્ર સિંહ હવે ભાજપ છોડી શકે છે. સમર્થકોએ નિર્ણય લીધો છે, હવે નિર્ણય બિરેન્દ્ર સિંહે લેવાનો છે.

બિરેન્દ્ર સિંહ ૧૯૭૭માં કોંગ્રેસની ટિકિટ પર ઉચાના કલાનથી ચૂંટણી લડ્યા હતા અને જંગી માર્જિનથી જીત્યા હતા. આ પછી, તેઓ ૧૯૮૨ માં ફરીથી ધારાસભ્ય બન્યા અને રાજ્યના સહકારી અને ડેરી વિકાસ મંત્રી બન્યા. ૧૯૮૪માં તેમણે હિસાર લોકસભા બેઠક પરથી ઓમપ્રકાશ ચૌટાલાને હરાવ્યા હતા. ૧૯૯૧માં તેઓ ફરીથી ધારાસભ્ય બન્યા અને મહેસૂલ અને આયોજન મંત્રી બન્યા. તેઓ ૨૦૦૫માં તેમના પાંચમા કાર્યકાળમાં ધારાસભ્ય બન્યા હતા. તેમણે નાણા, શ્રમ અને રોજગાર મંત્રાલય સંભાળ્યું.૨૦૧૦માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૩માં બીરેન્દ્ર સિંહ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી બન્યા. ૨૮ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ તેમણે રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું હતું. આ પછી તેઓ ૨૯ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ ભાજપમાં જોડાયા હતા. ભાજપે ૨૦૧૬માં બિરેન્દ્ર સિંહને રાજ્યસભાના સભ્ય બનાવ્યા હતા. આ સમય દરમિયાન તેઓ કેન્દ્રીય સ્ટીલ મંત્રી બન્યા. ૨૦૧૯માં તેમના પુત્ર બ્રિજેન્દ્ર સિંહ હિસાર લોકસભા મતવિસ્તારમાંથી ભાજપના સાંસદ બન્યા. આ પછી બિરેન્દ્ર સિંહે પણ રાજ્યસભામાંથી રાજીનામું આપી દીધું હતું.

બિરેન્દ્ર સિંહ ૪૨ વર્ષ સુધી કોંગ્રેસમાં રહ્યા. તેઓ ૨૯ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ ભાજપમાં જોડાયા હતા. આ પહેલા કોંગ્રેસે તેમના પર વધારે ધ્યાન આપ્યું ન હતું. આ કારણોસર તેમણે કોંગ્રેસને અલવિદા કહી દીધું. ફરી એકવાર બિરેન્દ્ર સિંહનું રાજકીય જીવન આવા જ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. તેમના સમર્થકો સોમબીર પહેલવાન, શિવનારાયણ શર્મા અને એડવોકેટ જસબીર કુંડુએ શનિવારે પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ છોડવાનો સમય આવી ગયો છે, પરંતુ અંતિમ નિર્ણય બિરેન્દ્ર સિંહ લેશે. આ સિવાય આ નિર્ણય રેલીમાં આવનારી ભીડ પર પણ છોડી શકાય છે.

બિરેન્દ્ર સિંહનો મુખ્ય ગઢ ઉચાના કલાન વિધાનસભા મતવિસ્તાર છે. નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા અહીંથી ધારાસભ્ય છે. રાજ્યમાં હાલમાં ભાજપ-જેજેપીનું ગઠબંધન છે. બિરેન્દ્ર સિંહ, તેમના પુત્ર સાંસદ બ્રિજેન્દ્ર સિંહ અને તેમની પત્ની પૂર્વ ધારાસભ્ય પ્રેમલતાએ ભાજપ-જેજેપી ગઠબંધન તોડવા માટે વારંવાર આગ્રહ કર્યો છે, કારણ કે જો ગઠબંધનમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે તો માત્ર નાયબ મુખ્યપ્રધાન દુષ્યંત ચૌટાલા જ ઉચાના કલાનથી ચૂંટણી લડશે અને પ્રેમલતા. ભાજપમાં જોડાવું છે.ટીકીટ ન મળી શકે. બિરેન્દ્ર સિંહ તેમની પત્નીને ભાજપની ટિકિટ અપાવવા માટે ભાજપ પર દબાણ કરી રહ્યા છે. જો તેમના પરિવારના સભ્યોને ભાજપ તરફથી ટિકિટની ખાતરી ન મળે તો બિરેન્દ્ર સિંહ ભાજપને અલવિદા કહી શકે છે.

## મેટ્રો રેલમાં સામાન્ય દિવસોમાં ૯૦ હજાર, રજાના દિવસોમાં ૭૫ હજારથી વધુ લોકોએ મુસાફરી કરી

ગાંધીનગર

૩૦મી, સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી મેટ્રો રેલ સેવા હવે અમદાવાદની લાઈફ લાઈન બની ગઈ છે અને તેણે હવે, તેણે એક વર્ષ પૂર્ણ કર્યું છે. આ એક વર્ષમાં મેટ્રો રેલમાં સામાન્ય દિવસોમાં સરેરાશ ૯૦ હજાર તથા રજાના દિવસોમાં સરેરાશ ૭૫ હજાર મુસાફરોએ પ્રવાસ કર્યો છે. ઉત્તર-દક્ષિણ કોરિડોર હવે મોટેરાથી આગળ ગાંધીનગર સુધી લંબાવવામાં આવી રહ્યો છે. આવતા વર્ષે તેનો શુભારંભ કરાય તેવું આયોજન કરાયું છે. મોટેરાથી ગાંધીનગરનો આ કોરિડોર અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મહત્વપૂર્ણ લીંક સાબિત થશે અને બંને શહેરોના મુસાફરોને ટ્રાફિકની ભીડમાંથી મોટી રાહત મળશે તથા બન્ને શહેરના વાયુ પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થશે.શરુઆતના તબક્કે, ૩૦ મિનિટના અંતરે મેટ્રોની સેવા મળતી હતી. હવે દર ૧૨ મિનિટે મેટ્રોની સેવા મળી રહે છે. મેટ્રો સેવાઓનો સમય સવારે ૯થી રાત્રિના ૮ વાગ્યા સુધીનો હતો, જે હવે સવારે ૬:૨૦થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. ટુ-વ્હીલર, રીક્ષા, કાર જેવા વાહનોના વપરાશકર્તાઓએ હવે સલામત અને અનુકૂળ મુસાફરીને કારણે મેટ્રોનો વિકલ્પ પસંદ કર્યો છે. મેટ્રો ટ્રેનમાં વસ્ત્રાલ ગામ મેટ્રો સ્ટેશનથી થલતેજ મેટ્રો સ્ટેશન સુધીની મુસાફરી માત્ર ૩૯ મિનિટમાં થાય છે. જ્યારે છઁસ્ઝથી મોટેરા સુધીની મુસાફરી માત્ર ૩૨ મિનિટમાં થાય છે. જો, બેથી ત્રણ મુસાફરો વચ્ચે એક વાહનની ગણતરી કરવામાં આવે તો, આ વર્ષ દરમિયાન અમદાવાદના રોડ ઉપર વાર્ષિક અંદાજે ૭૦ લાખ જેટલા વાહનોની અવર-જવારમાં ઘટાડો થયો છે, એવો અંદાજ મૂકાઈ રહ્યો છે. પરિણામ સ્વરુપ, રસ્તા પરના ટ્રાફિકમાં રાહત મળી હતી અને વાયુ પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## જૂની પેન્શન યોજનાના અમલ માટે દિલ્હીમાં સંમેલન : ગુજરાતના ૧૦૦૦૦ કર્મીઓ જોડાશે

ગાંધીનગર

ગુજરાતમાં ફિક્સ પગારની નાબૂદી સામે આંદોલન ચાલી રહ્યું છે તે મુદ્દો હવે રાજ્યના સરકારી કર્મચારીઓ દિલ્હીના રામલીલા મેદાનમાં ૧ ઓકટોબરે યોજાનારી શંખનાદ રેલીમાં ગજાવશે. ગુજરાત મોડલનો આ મુદ્દો રાષ્ટ્રીય કક્ષાએ મૂકવામાં આવશે. જૂની પેન્શન યોજનાનો ગુજરાતમાં પણ અમલ કરાવવાની માગણી માટે આ રાષ્ટ્રીય કક્ષાની રેલી-સંમેલનનો કાર્યક્રમ યોજાવાનો છે તેમાં સરકારી કર્મચારીઓએ હવે ફિક્સ પગાર નાબૂદીનો મુદ્દો પણ સામેલ કરશે. નેશનલ મુવમેન્ટ ફોર ઓલ્ડ પેન્શન સ્કીમ (એનએમઓપીએસ)ના ગુજરાત યુનિટ દ્વારા જણાવાયું છે કે દિલ્હી રામલીલા મેદાનમાં જૂની પેન્શન યોજના લાગુ કરાવવા માટેના રાષ્ટ્રીય આંદોલનમાં રાજ્યના ૧૦ હજારથી વધુ કર્મચારીઓ ભાગ લેશે. રવિવારે યોજાનારા કાર્યક્રમમાં જૂની પેન્શન શંખનાદ રેલીનું પણ આયોજન કરાયું છે. જેનો મુખ્ય હેતુ જૂની પેન્શન યોજના લાગુ કરવાને અને સરકારી તંત્રના ખાનગીકરણની નાબૂદીનો છે. જેમાં સમગ્ર દેશમાંથી ૧૦ લાખથી વધુ કર્મચારીઓ ભાગ લેશે .એનએમઓપીએસના ગુજરાત યુનિટના પ્રમુખ મિતેશ કનેજીયા અને મહામંત્રી જિગર શાહના જણાવ્યા મુજબ રાજ્યના વિવિધ વિસ્તારમાંથી ૧૦ હજારથી



વધુ કર્મચારીઓ આ રાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેશે. જેમાં ગુજરાતના કર્મચારીઓ જૂની પેન્શન યોજના લાગુ કરવા સાથે ફિક્સ પગારના નાબૂદીના લક્ષ્ય સાથે જોડાશે. ગુજરાત મોડલની વાસ્તવિકતા પ્રથમ વખત રાષ્ટ્રીય મંચ પરથી રજૂ થશે. ઉલ્લેખનીય છે કે ઓપીએસની લડત પછી પાંચ રાજ્ય રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, પંજાબ અને હિમાચલ પ્રદેશ ખાતે તેને લાગુ કરવામાં આવી છે. કર્ણાટકમાં પણ તેનો ટૂંક સમયમાં અમલ કરવામાં આવશે. અન્ય ચાર રાજ્યમાં પણ તેનો અમલ કરવાની જાહેરાત કરી દેવાઈ છે. ભાજપ તેના અમલના મતમાં નહીં હોવાથી ગુજરાત સહિત અનેક ભાજપ શાસિત રાજ્યમાં ઓપીએસનો અમલ થયો નથી. તે સંજોગોમાં આંદોલનકારીઓના મતે લોકસભા ૨૦૨૪ની ચૂંટણી પહેલાં આ આંદોલન એનએમઓપીએસના નેતૃત્વમાં ઉગ્ર બની શકે છે. નવી પેન્શન યોજનામાં કર્મચારીના પગારના ૧૦ ટકા ઉપરાંત સરકારે પ્રજાના વેરામાંથી ઉઘરાવેલા નાણાના ૧૦ ટકા રકમ શેરબજારમાં રોકવાની જોગવાઈથી ખાનગી કંપનીઓને ફાયદો થઈ શકે છે તેવા વિવિધ મુદ્દે નવી પેન્શન યોજનાનો કર્મચારીઓનો એક વર્ગ વિરોધ કરી રહ્યો છે.

## P M મોદીની ડિગ્રીના મામલે કેજરીવાલની રિવ્યૂ પિટિશનમાં H Cનો ચુકાદો અનામત

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીની માહિતી દિલ્હીના ઝસ્ કેજરીવાલને આપવાના કેન્દ્રીય માહિતી આયોગ (ઝૈંઝ)ના આદેશને ફગાવી દેતા હાઈકોર્ટના આદેશ પર ફેરવિચારણા કરવાની દાદ માંગતી રિવ્યૂ અરજીમાં સુનાવણી પૂર્ણ થતાં હાઈકોર્ટના જસ્ટિસ બિરેન વૈષ્ણવે ચુકાદો અનામત રાખ્યો છે. તમામ પક્ષો દ્વારા થયેલી દલીલોના મુદ્દા લેખિતમાં કોર્ટ સમક્ષ રજૂ કરવાનું કોર્ટે કહ્યું છે અને આગામી દિવસોમાં આ મામલે હાઈકોર્ટ તેનો ચુકાદો સંભળાવશે. પ્રસ્તુત મામલે અરવિંદ કેજરીવાલ તરફથી સિનિયર એડવોકેટ પરસી કાવિનાની દલીલ હતી કે, 'હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો હતો એનો આધાર સોલિસિટર



જનરલ તુષાર મહેતાનું નિવેદન હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, ઁસ્ મોદીની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે, પરંતુ એ સત્ય નથી. કેમ કે, વેબસાઇટ ઉપર માત્ર ઓફિસ રજિસ્ટર (ઈ-રેકર્ડ) જ ઉપલબ્ધ છે.' કેજરીવાલ તરફથી એડવોકેટ ઓમ કોટવાલ અને સિનિયર એડવોકેટ પરસી કાવિનાએ રિવ્યૂ પિટિશનમાં એવી રજૂઆત કરી છે કે, 'આ સમગ્ર મુદ્દે હાઈકોર્ટમાં થયેલી રિટની સુનાવણીના અંતિમ દિવસે એટલે કે ૯મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ એવી મૌખિક રજૂઆત કરવામાં આવી હતી કે, ઁસ્મોદીની 'ડિગ્રી' ગુજરાત યુનિ.ની સત્તાવાર વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. રિટ પિટિશનમાં કોઈ ચોક્કસ દલીલ કે દસ્તાવેજ રજૂ કર્યા સિવાય આ રજૂઆત કરવામાં આવી હતી. જોકે, યુનિવર્સિટીની વેબસાઇટની તપાસ કરતા ડિગ્રી જોવા મળી નહોતી અને તેથી અરવિંદ કેજરીવાલ તેની ખરાઇ કરી શક્યા નહોતા. વેબસાઈટ પર માત્ર ઓફિસ રજિસ્ટર (રેકર્ડ) જ ઉપલબ્ધ છે, અને તે ડિગ્રી નથી, જેવો કે ગુજરાત યુનિ.એ હાઈકોર્ટ સમક્ષ દાવો કર્યો હતો. તેથી મોદીની ડિગ્રી વેબસાઈટ પર અપલોડ કરી હોવાનું નિવેદન સત્યથી દૂર છે

## મ્યુનિ.માં ૫ હોદ્દેદારોની વરણી બાદ કમિટીઓમાં ૫ કોર્પોરેટરની નિમણૂક

અમદાવાદ

અમદાવાદ મ્યુનિ.માં તાજેતરમાં મેયર સહિતનાં પાંચ હોદ્દેદારોની વરણી કરવામાં આવી તે પછી પાંચ કમિટીમાં તેમની ખાલી પડેલી જગ્યાઓએ પાંચ કોર્પોરેટરોની નિમણૂક કરવામાં આવી હતી. મ્યુનિ. ભાજપનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, મેયર, ડે.મેયર, સ્ટે.કમિટી ચેરમેન, પક્ષનેતા અને દંડકની અઢી વર્ષની મુદત પૂરી થતાં તેમની જગ્યાએ મેયર તરીકે મહિલા બાળ કલ્યાણ વિકાસ કમિટી ચેરમેન પ્રતિભાબેન જૈન, ડે.મેયર તરીકે વોટર કમિટી ચેરમેન જતિનભાઇ પટેલ, સ્ટે.કમિટી ચેરમેન તરીકે ટાઉન પ્લાનીગ કમિટી ચેરમેન દેવાંગ દાણી, પક્ષનેતા તરીકે રોડ કમિટીના સભ્ય ગૌરાંગભાઇ પ્રજાપતિ તથા દંડક તરીકે સ્ટે.કમિટી સભ્ય શીતલબેન ડાગાની વરણી કરવામાં આવી



હતીઆ પાંચ હોદ્દેદારોની વરણી થયાં બાદ તેમની વિવિધ કમિટીઓમાં જગ્યા ખાલી પડી હતી. તેથી ભાજપ નેતાગીરીએ પાંચ કમિટીમાં ખાલી પડેલી પાંચ જગ્યાઓ પૈકી સ્ટે.કમિટીમાં શીતલબેન ડાગાની જગ્યાએ સ્ટે.કમિટીમાં જ સભ્ય રહી ચૂકેલાં અનુભવી કોર્પોરેટર દર્શન શાહની, વોટર કમિટીમાં પણ સ્ટે.કમિટી સભ્ય રહી ચૂકેલાં જલ્પાબેન પંડ્યાની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ટાઉન પ્લાનીગ કમિટીમાં દિપકકુમાર પંચાલની તથા મહિલા બાળ વિકાસ કલ્યાણ કમિટીમાં કલ્પનાબેન ચાવડાની નિમણૂક કરવામાં આ?વી છે. જ્યારે હોસ્પિટલ કમિટીમાં ભાજપનાં સભ્ય એવા ખોખરાનાં કોર્પોરેટર પાંચ છ કમિટી બેઠકોમાં સતત ગેરહાજર રહેલાં હોઇ તેમની જગ્યાએ પ્રતિભાબેન દૂબેની નિમણૂક કરવામાં આ?વી છે.મ્યુનિ. ભાજપનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, શુક્રવારે એજન્ડા મીટિંગમાં ભાજપ નેતાગીરી દ્વારા વોટર કમિટી, ટાઉન પ્લાનીંગ કમિટી અને મહિલા બાળ વિકાસ કલ્યાણ કમિટીનાં ચેરમેન તરીકે ત્રણ નસીબદાર કોર્પોરેટરોને કે ડે.ચેરમેનોનાં નામ જાહેર કરવામાં આવશે તેવી કોર્પોરેટરોની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. સૂત્રોએ કહ્યું કે, પાંચ હોદ્દેદારોની નિમણૂક બાદ ખાસ કરીને ત્રણ કમિટીનાં ચેરમેનની ખાલી પડેલી જગ્યાએ હાલ તો ડે.ચેરમેનોને કાર્યકારી ચેરમેન તરીકે ફરજ બજાવવાની સૂચના અપાઇ છે. સૂત્રોએ કહ્યું કે, વિવિધ કમિટીનાં ચેરમેન અને ડે.ચેરમેનની મુદત પૂરી થવાને ફક્ત બે મહિનાનો સમય બાકી છે. તેથી નવા ત્રણ ચેરમેન બનાવવાનું ટાળવામાં આવ્યું હોય તેવી શક્યતા નકારી શકાય નહીં

તંત્રી લેખ......

# આતંકીઓનો ગઢ

અલગતાવાદીઓ પ્રત્યે કેનેડાનો લગાવ ભારત જ નહીં, શ્રીલંકા અને બાંગ્લાદેશના પણ નિશાના પર આવી ગયો છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રી એ.કે. અબ્દુલ મોમેને સ્પષ્ટ કહ્યું કે કેનેડા હત્યારાઓનો ગઢ બની ગયું છે. તેમણે બાંગ્લાદેશના જનક શેખ મુજીબુર રહમાનના હત્યારાનું પ્રત્યાર્પણ નહિ કરવા માટે કેનેડાની આકરી ટીકા કરી છે. બાંગ્લાદેશના મંત્રીની ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે ભારત સતત પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. કેનેડા એક જાહેર આતંકી હરદીપ નિજ્જરની હત્યાનો દોષ ભારત પર નાખ્યો છે, પરંતુ હજુ સુધી પુરાવા નથી આપ્યા. આ કારણે ભારત અને કેનેડા વચ્ચે કૂટનીતિક તણાવ વધી ગયો છે. ભારતની ફરિયાદ સાથે બાંગ્લાદેશ પણ પોતાનો સૂર પૂરાવ્યો છે. એ સાચું છે કે કેનેડા કથિત ઉદારવાદી લોકતંત્રના નામે કેટલાય દેશોના ચરમપંથીઓ અને અપરાધીઓને આશ્રય આપી રહ્યું છે. બાંગ્લાદેશ ઉપરાંત શ્રીલંકાના વિદેશમંત્રીએ પણ કેનેડાને ઝાટક્યું હતું. અસલમાં લાંબા સમયથી કેનેડા શ્રીલંકાની ટીકા કરતું આવ્યું છે. એ સાચું છે કે અનેક દેશોની જેમ કેનેડાને પણ આતંકી સંગઠન લિટ્ટે દ્વારા કરવામાં આવેલ હિંસા નથી દેખાતી, પરંતુ શ્રીલંકા સરકાર પર આ દેશો નરસંહારના આરોપ લગાવતા રહ્યા છે.

આજે ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ જેવા દેશો માટે એ જરૂરી છે કે પોતાનો અવાજ ઉઠાવે, જેથી પશ્ચિમી દેશોનો દષ્ટિકોણ બદલાય. માનવાધિકાર અને કથિત ઉદારવાદના બહાને પશ્ચિમના દેશોને ભારત જેવા દેશની ટીકા કરવાની ટેવ જ પડી ગઈ છે. પશ્ચિમના કેટલાક દેશો અપરાધીઓને પણ સ્વતંત્ર અભિવ્યક્તિના ઓઠા હેઠળ આશ્રય આપવા લાગ્યા છે. આતંકી નિજ્જર મામલે એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે તેને કેનેડાના ગુપ્તચર અધિકારી પણ મળતા હતા. શું કેનેડાના ગુપ્તચર અધિકારીઓને ખબર નહીં હોય કે નિજ્જરના ઈરાદા કેવા છે?

# અંત્યત સાદગી ભરી જીવન શૈલી સરળ સ્વભાવ અને મૃદુ ભાષી અને સતત કાર્યશીલ એવા રોગાન આર્ટના કચ્છના એકમાત્ર મહિલા આર્ટિસ્ટ કોમલબેન કંસારા વિશે આજે આપણે વાત કરીશું.

કોમલબેન. માધાપર
સિધ્ધહસ્ત રોગાન આર્ટિસ્ટ : કોમલ કંસારા
oooooooooooooooooooo

અંત્યત સાદગી ભરી જીવન શૈલી સરળ સ્વભાવ અને મૃદુ ભાષી અને સતત કાર્યશીલ એવા રોગાન આર્ટના કચ્છના એકમાત્ર મહિલા આર્ટિસ્ટ કોમલબેન કંસારા વિશે આજે આપણે વાત કરીશું.

રોગાનકલા આમતો સદીઓ જુની એટલે કે લગભગ ૪૫૦૦ વર્ષ જુની કલા છે. વર્ષો પહેલા આ કલાનો વ્યાપ ખૂબ હતો. લોકો પોતાના પોશાકમાં અવનવી ભાતો પાડી પોશાકો ધારણ કરતા. ખૂબ જ ચોક્કસાઈ તેમજ ખૂબ જ સમય માંગી લે એવું કામ હોઈ કામ મુજબ જે મહેનતાણું મળવું જોઈએ એ ન મળતા રોગાન આર્ટના કારીગરો અન્ય વ્યવસાય તરફ વળવા લાગ્યા પરિણામે આ કલા વિસરાતી ગઈ.

આમ તો ભાભોર રોગાન કલાનું મુખ્ય કેન્દ્ર હતું. સિવાય અન્ય ઘણાં સ્થળે રોગાન આર્ટ કરવામાં આવતું.

કચ્છમાં માત્ર બે જ પરિવારો

હાલમાં રોગાન આર્ટ સાથે સંકળાયેલ છે.જેમાં એક નિરોણાનો ખત્રી પરીવાર અને બીજો માધાપરમાં અશિષ ભાઈ કંસારાનો પરિવાર.

કોમલબેનના પતિ આશિષ ભાઈ વર્ષોથી રોગાન કલા સાથે સંકળાયેલ છે.આમ તો પહેલા ફુલ વેલ જેવી ભાતો દ્વારા રોગાન આર્ટ કરવામાં આવતું પણ આશિષભાઈએ રોગાન આર્ટ માં દેવ દેવી કે અન્ય ચિત્રો બનાવી રોગાન આર્ટ ને એક નવી ઊંચાઈ આપી.તેમનો નવતર પ્રયોગ ખૂબ સફળ રહ્યો અને રોગાન આર્ટને એક નવી દિશા મળી.



આજે ફરી લોક માનસમાં કલા ખૂબ જ લોકપ્રિય બની છે.

સોનામાં સુગંધ ત્યારે ભળી કે આશિષભાઈના અર્ધાંગિની એવા કોમલબેને તેમના રોગાન કામને ખંભે ખંભો મિલાવી પુરતો સહયોગ આપી ગતિ આપી.

કોમલબેન પોતાની કલા વિશે માહિતી આપતાં જણાવ્યું કે ૨૦૧૦ માં લગ્ન કરી આવ્યા ત્યારથી આ કલામાં રસ જાગ્યો પતિ આશિષ ભાઈ પાસેથી રોગાનકલા શીખી અને આજે એમાં પારંગત થઈ અન્ય શિખવા ઉત્સુક મહીલાઓને પણ રોગાન આર્ટ શિખવાડે છે હાલમાં તેમની પાસેથી જે જે મહિલાઓ રોગાન આર્ટ શીખી ગઈ છે તેમને તેમના પ્રમાણમાં કામ આપી રોજીરોટી પણ આપે છે.અને હાલ ઘણી બધી છોકરીઓ/ મહીલાઓ તેમની પાસે રોગાન કલા શિખવા માટે આવે છે જે બિલકુલ નિશુલ્ક શિખવાડે છે જેમા રોગાન આર્ટમાં વપરાતા વનસ્પતિ જન્ય પદાર્થો વડે કેમ કલર બનાવવો તેમજ તેને ધાતુના સળિયા વડે કેમ કાપડ પર ઉતારવું વગેરે સહિતની માહિતી આપતા વર્ગો નિશુલ્ક ચલાવે છે .

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે કચ્છની મુલાકાતે આવેલા ત્યારે તેમને એક રોગાન આર્ટમાં × રામ દરબાર×નું રોગાન ચિત્ર અર્પણ કરેલ જેના મોદીજીએ ભરપુર વખાણ કર્યા હતા.

રોગાન આર્ટ વિશે વધુ માહિતી આપતા કોમલબેને જણાવ્યું હતું કે આમાં ફકત વનસ્પતિજન્ય રંગો જ વાપરવામાં આવે છે. એરંડિયાના તેલને યોગ્ય તાપમાને ઉકાળી તેમાં વનસ્પતિ જન્ય રંગો ભેળવી ચિત્રો તૈયાર કરવામાં આવે છે જે રંગો સૈકા સુધી એવાને એવા તરો તાજા રહે છે.

તેઓએ જણાવ્યું હતું કે તેમના પતિ આશિષ ભાઈના રોગાન આર્ટ ના નવતર પ્રયોગ થકી આ કલાને વેગ મળ્યો છે અને હવે ફરીથી આ કલા ધબકતી થઈ છે.

તેઓ જેમને પણ આ કલા શીખવી હોય તો તેને નિશુલ્ક શીખવાડીને રોજગારી ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરી રહ્યા છે. તેમના કાર્યની નોંધ સોશિયલ મીડિયાના વિવિધ માધ્યમોએ લીધી છે.

**લેખ : મહેશ સોની .નખત્રાણા**

## હોય છે

"કેમ છો" પ્રશ્નનો ઉત્તર, "મઝામાં" હોય છે,
સવાલનાં જવાબમાં, ક્યારેક વ્યથા હોય છે!

સહેલું નથી હોતું, ચહેરાંઓને વાંચવાનું,
ચહેરાં પાછળ છુપાયેલી, કોઈક કથા હોય છે!

મળીને ય જાણે, ન મળાય એ સંબંધમાં,
રાધા-કૃષ્ણની, ગૌરવભરી એવી પ્રેમગાથા હોય છે!

મંજુર નથી હોતી, "ચાહત" જમાનાને,
પ્રેમનો વિરોધ, એ જમાનાની કૂર પ્રથા હોય છે!!

**નેહા દેસાઈ. 'ચાહત' ન્યુજર્શી**

# આચરણ મોટુંછે કે જ્ઞાન?

જે મનુષ્ય મનથી ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ રાખીને આસક્તિ રહીત થઈને નિષ્કામ ભાવથી તમામ ઈન્દ્રિયો દ્વારા કર્મયોગનું આચરણ કરે છે તે જ શ્રેષ્ઠ છે.પુસ્તકો વાંચવાથી વિશેષ લાભ થતો નથી.આચરણ જ અસલ પુસ્તક છે.ફક્ત ડીગ્રીથી સબંધો સુધરતા નથી,તેનાથી સુખ શાંતિ આનંદ સંતોષ મળતો નથી.પુસ્તકોનું જ્ઞાન આચરણમાં લાવવાથી જ લાભ થાય છે.

જેમ પરેજી પાડ્યા વિના દવાનો પુરો પ્રભાવ પડતો નથી,તેવી જ રીતે જ્ઞાનને જયાં સુધી આચરણમાં લાવવામાં ના આવે ત્યાં સુધી જીવનમાં કોઈ લાભ થતો નથી.જીજ્ઞાસુઓમાં શ્રધ્ધા,વિશ્વાસ અને અહંકાર શૂન્યતા અવશ્ય હોવી જોઈએ.બ્રહ્મજ્ઞાનના માટે ગુરૂકૃપા અને શિષ્યની વૈરાગ્ય ભાવના બંન્ને અનિવાર્ય છે.સત્કાર વિના સંતકૃપા મળતી નથી,સંતકૃપા વિના સદગુરૂની પ્રાપ્તિ થતી નથી, સદગુરૂમાં શ્રધ્ધા અને વિશ્વાસ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી,જ્ઞાન વિના મન સ્થિર થતું નથી અને સદગુરૂના વચનોનું દ્રઢતાથી પાલન કર્યા વિના મનમાં તત્વજ્ઞાન ટકતું નથી.

સદગુરૂના આદેશ-ઉપદેશને માનનાર,તેમના આદેશ મુજબ આચરણ કરનાર ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને તેમાં લીન થઈ જાય છે.ગુરૂ વચનોની સહાયતાથી તેને કાળનો ભય રહેતો નથી.જયાંસુધી સદગુરૂની શરણાગતિ લેવામાં આવતી નથી ત્યાંસુધી પ્રભુ મિલનની વાતો ફક્ત કોરી કલ?પના જ છે.

ભ્રમોથી બચવા માટે બ્રહ્મનું જ્ઞાન જરૂરી છે. તેના માટે ફક્ત ધર્મગ્રંથોનું પઠન-પાઠન સમાધાન નથી.ધર્મગ્રંથોમાં જે કંઈ લખ્યું છે તેના અનુરૂપ આચરણ કરવું પડશે જ...!! દરેક પ્રસંગોએ સત્ય બોલવું અને સત્યનું જ આચરણ કરવું..ઈન્દ્રિયોના દ્વારા જે પ્રભુ પરમાત્માની આજ્ઞાનુસાર પવિત્ર કર્મોનું નિષ્કામભાવથી આચરણ કરે છે તથા પ્રભુ પરમાત્માને અર્પણ કરેલ ભોગોનું રાગ-દ્રેષ રહિત બનીની નિષ્કામભાવથી શરીર નિર્વાહના માટે ઉપભોગ કરે છે તે પ્રભુ પરમાત્માના પરમધામને પ્રાપ્ત કરી લે છે,જયાં ગયા પછી પાછું સંસારમાં આવવું પડતું નથી.

ધર્મથી વૈરાગ્ય ઉપજે છે અને યોગથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ થાય છે.જે આચરણથી પ્રભુ પરમાત્મા દયાને વશ થઈ જાય છે તે આચરણ 'ભક્તિ' કહેવાય છે.જે માનવ નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે જોડાઈ જાય છે તેમને પોતાના આચરણમાં ઢાળી લે તો તે હંમેશાં સુખમાં નિવાસ કરે છે.શારીરીક તેમજ માનસિક કષ્ટોથી તે વિચલિત થતો નથી. તેમની ચેતના આ જગતથી પર અને ઉપર ઉઠીને નિરાકાર પ્રભુ પરમાત્માની દિવ્ય ચેતનામાં લીન થઈ જાય છે.

ગુરૂજ્ઞાન વિના માનવ ભક્તિ અથવા લક્ષ્ય પ્રાપ્તિનો પ્રયાસ કરે તો તે પાણી વિના નાવ ચલાવવા જેવું અસંભવ છે. જે ભૌતિક માયાની સાથે નહી પરંતુ પ્રભુની સાથે પ્રેમ કરે છે તે જ સાચા સંત છે. તે પોતાના જીવનમાં જેવું આચરણ કરે છે તેવો જ ઉપદેશ અન્ય વ્યક્તિઓને આપે છે અને સમજાવે છે કે જીવનમાં પ્રભુની ભક્તિની એટલી આવશ્યકતા છે કે જો તેને છોડી દેવામાં આવે તો જ્ઞાની પણ માયામાં ફસાઈ જાય છે. બ્રહ્મજ્ઞાની પણ જો ગુરૂ ભક્ત નથી તો તે પણ માનવ હોવા છતાં પૂંછ અને શિંગડા વિનાનો પશુ તુલ્ય છે કારણ કે ભક્તિ વિના જ્ઞાની પણ ગમે ત્યારે અધોગામી બની પતનની ખાઈમાં પડી જાય છે.

નિર્દોષ એક ઈશ્વર છે.સંભવ છે કે ગુરૂમાં કોઈ દોષ રહી જાય પણ ગુરૂના દોષનું શિષ્યે અનુકરણ કરવાનું નથી.વડીલોનું જે પવિત્ર આચરણ છે તેનું જ અનુકરણ કરવાનું છે,તેમની ભૂલનું નહિ.વડીલોના દોષનું અનુકરણ કરવું નહિ.

એક રાજાની સભામાં એક ખુબ જ સન્માનિત રાજ પુરોહિત હતા.જ્યારે તેઓ રાજયસભામાં આવતા ત્યારે રાજા સહિત તમામ સભાસદો ઉભા થઈને તેમનું અભિવાદન કરતા હતા.એક દિવસ રાજાએ તમામ સભાસદોની હાજરીમાં રાજપુરોહિતજીને એક પ્રશ્ન પુછ્યો કે આચરણ મોટું કે જ્ઞાન? ત્યારે રાજપુરોહિતે કહ્યું કે આપના પ્રશ્નના જવાબ માટે મને થોડો સમય આપો.

રાજપુરોહિતે એક પ્રયોગ કર્યો.રાજાના ભંડારમાંથી બે સાચા મોતી ચોરી લીધા.ખજાચીએ આ દ્રશ્ય જોયું તો તેને ઘણી જ નવાઈ લાગે છે.બીજા દિવસે પણ તેમને રાજાના ખજાનામાંથી બે મોતી ચોરી લીધા. આ વાત રાજા સુધી પહોંચી જાય છે ત્યારે રાજાએ તપાસ કરાવડાવી તો રાજપુરોહિતની સત્યતા બહાર આવી ગઈ.બીજા દિવસે જ્યારે રાજપુરોહિત રાજ્યસભામાં પ્રવેશ કર્યો ત્યારે રાજાએ તેમને સન્માન ન આપ્યું કે કોઈ તેમના સન્માનમાં ઉભું પણ ના થયું.રાજપુરોહિતે વિચાર્યું કે મારો પ્રયોગ સફળ થયો છે.

રાજાએ પુરોહિતને પુછ્યું કે શું આપે રાજ્યના ખજાનામાંથી મોતી ચોર્યા છે? ત્યારે પુરોહિત હા માં જવાબ આપે છે.રાજા આગળ પુછે છે કે કેમ તમારે મોતી ચોરવા પડ્યા ? ત્યારે પુરોહિત કહે છે કે હું આપ સર્વેને એ દેખાડવા માંગતો હતો કે આચરણ મોટું છે કે જ્ઞાન?

આપે જોયું કે મારૂં જ્ઞાન મારી પાસે જ હતું તેમાં ફરક આવ્યો નથી કે તેમાં કોઈ ઘટાડો થયો નથી તેમ છતાં જ્યારે હું રાજયસભામાં પ્રવેશ્યો ત્યારે આપ સર્વેએ ઉભા થઈને મારૂં સ્વાગત ન કર્યું કારણ કે આપ સર્વે એવું માની બેઠા હતા કે મારૂં આચરણ બગડી ગયું છે, હું રાજપુરોહિતમાંથી ચોર બની ગયો હતો. મારૂં આચરણ બગડ્યું તો આપના બધાની નજરમાંથી હું ઉતરી ગયો.આ જ તમારા પ્રશ્નનો જવાબ છે કે જ્ઞાન કરતાં આચરણ શ્રેષ્ઠ છે.

આલેખનઃ કુમારી નિતૂં સૈની

## માથે હાથ

તું ફેરવને મારા, માથે હાથ,
ચાલ હુંય સૂઈ જાઉં, તારી સાથ..

ઉઠું ઝબકીને, ખુલી જાય આંખ,
તું હળવેકથી પકડને, મારો હાથ..

એકલતાનો, મને ડર છે આજ
તું આગોશમાં લે, મારો બાહુપાશ..

મને છોડી જવાની, ન કરીશ વાત,
મને સુકુન આપે, તારો સંગાથ..

તું છે, તો દોડે છે મારા શ્વાસ,
તારી ગેરહાજરીમાં, જીવ જાય મરણ પાસ..

શૈલી શાહ (અમદાવાદ)

# ઈન્ડિયા ગઠબંધને ચૂંટણી પછી વડાપ્રધાનના નામની જાહેરાત કરવી જોઈએઃ અબુ આઝમી

મુંબઈ,તા.૧

ગૃહમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતનો કાયદો બન્યા બાદ પણ આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. અત્યાર સુધી આ અનામતમાં ઓબીસી મહિલાઓ માટે અલગ અનામતની વાત થતી હતી. હવે તેની સાથે મુસ્લિમ મહિલાઓ માટે પણ ક્વોટા આપવાની માંગ કરવામાં આવી છે. મહારાષ્ટ્રના સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અસીમ આઝમીએ હવે કહ્યું છે કે આમાં મુસ્લિમ મહિલાઓને અલગ ક્વોટા આપવો જોઈએ.

અબુ આઝમીએ કહ્યું કે મુસ્લિમ મહિલાઓને આમાં ક્વોટા આપવામાં આવે તો જ ફાયદો થઈ શકે છે. તેમણે કહ્યું કે, ×જે મહિલાઓ શિક્ષિત છે તેમને જ અનામતનો લાભ મળશે. મુસ્લિમ મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ ક્વોટામાં અલગ ક્વોટા આપવામાં આવશે, તો જ તેમને ફાયદો થશે, નહીં તો કોઈ તેમને ટિકિટ આપશે નહીં અને તેઓ નહીં. કોઈપણ લાભ મેળવો.× આ સાથે આઝમીએ આરજેડી નેતા અબ્દુલ બારી સિદ્દીકીના નિવેદનનું પણ સમર્થન કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે લિપસ્ટિક અને બોબ કટવાળી મહિલાઓને અનામતનો લાભ મળશે તો આપણી મહિલાઓનું શું થશે? હવે આઝમીએ કહ્યું કે હું તેમનું સમર્થન કરું છું, ભલે તેમની વાત ખોટી હોય પરંતુ તેમની ભાવનાઓ સાચી છે.

ભારતના ગઠબંધનમાં વડાપ્રધાન પદના ઉમેદવાર અંગે સપા નેતાએ કહ્યું કે તમામ પક્ષોના કાર્યકરોએ જોરશોરથી કામ કરવું જોઈએ. પોતપોતાના પક્ષોના નેતાઓએ તેમને પીએમ બનાવવા માટે પ્રાર્થના કરવી જોઈએ. તેનાથી કાર્યકરોમાં ઉત્સાહ વધશે. જો કે પીએમની પસંદગી ચૂંટણી બાદ થવી જોઈએ. આ સાથે તેમણે કહ્યું કે જો નીતિશ કુમાર માટે વડાપ્રધાન બનવા માટે મસ્જિદમાં સમાધિ પર પ્રાર્થના કરવામાં આવી હોય તો તે સારી વાત છે. આમાં કશું ખોટું નથી. સપાના કાર્યકર્તા હોવાના કારણે મને લાગે છે કે અખિલેશ યાદવને વડાપ્રધાન બનવું જોઈએ.

આ દરમિયાન અબુ આઝમીએ દેશમાં મુસ્લિમ લોકોની સ્થિતિ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે જયપુરમાં જે પણ થયું અમે તેની નિંદા કરીએ છીએ. સમગ્ર ભારતમાં અમુક જગ્યાએ મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યો છે. મંદિરમાં ભગવાનનો પ્રસાદ ખાધો હોવાથી વ્યક્તિની હત્યા કરવામાં આવે છે. તે નંદુરબારમાં થયું, તે સતારામાં થયું. ઘણી જગ્યાએ મુસ્લિમો પર અત્યાચાર થાય છે અને ઉલટું આ લોકો મુસ્લિમોને કહે છે કે તમારા આકા પાકિસ્તાનમાં બેઠા છે. સાથે જ તેમણે કહ્યું કે નીતિશ કુમારે મુસ્લિમ લોકોને વધુ વળતર આપીને કોઈ ખોટું કર્યું નથી. નીતિશ કુમાર પણ હિન્દુ છે. જો તે મુસ્લિમ તુષ્ટિકરણની રાજનીતિ કરશે, તો તે ચૂંટણી હારી જશે કારણ કે મુસ્લિમો ૨૦ ટકા છે અને સૌથી વધુ સંખ્યામાં હિંદુઓ છે, તો નીતિશ કુમાર હિંદુઓને કેમ નારાજ કરશે? જે વળતર આપવામાં આવ્યું છે તે એટલા માટે આપવામાં આવ્યું છે કે મુસ્લિમોને વધુ નુકસાન થયું છે.

# બલુચિસ્તાન બ્લાસ્ટ કેસઃ ભારતની ગુપ્તચર સંસ્થા રો પર પાકિસ્તાનના ગૃહમંત્રીનો આરોપ

નવીદિલ્હી,તા.૧

પાકિસ્તાને ભારતની ગુપ્તચર એજન્સી પર શુક્રવારે બે આત્મઘાતી વિસ્ફોટોમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. તમને જણાવી દઈએ કે આ બ્લાસ્ટમાં મૃત્યુઆંક વધીને ૬૫ થઈ ગયો છે. વિસ્ફોટ બલૂચિસ્તાનના મસ્તુંગ જિલ્લામાં એક મસ્જિદ નજીક થયો હતો, જ્યારે એક હુમલાખોરે પોલીસ વાહનની નજીક તેના શરીર પર બાંધેલા વિસ્ફોટકોને વિસ્ફોટ કર્યો હતો જ્યાં લોકો પ્રોફેટ મોહમ્મદના જન્મદિવસની ઉજવણીમાં એક સરઘસ માટે ભેગા થઈ રહ્યા હતા. કલાકો પછી, ખૈબર પખ્તુનખ્વાના હંગુ શહેરમાં એક મસ્જિદમાં બીજો વિસ્ફોટ થયો, જેમાં ઓછામાં ઓછા ૫ લોકો માર્યા ગયા.આ બે આત્મઘાતી હુમલા બાદ પાકિસ્તાનના ગૃહમંત્રી સરફરાઝ બુગતીએ ભારતની રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રો) ગુપ્તચર સંસ્થાને જવાબદાર ગણાવી છે, જેમાં અત્યાર સુધીમાં ૬૫ લોકો માર્યા ગયા છે અને ૬૦ લોકો ઘાયલ થયા છે. બુગતીના આરોપ પર ભારત સરકારે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

બલૂચિસ્તાનની રાજધાની ક્વેટામાં પાકિસ્તાનના ગૃહમંત્રી સરફરાઝ બુગતીએ દાવો કર્યો હતો કે આત્મઘાતી હુમલામાં ભારતની રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ સામેલ હતી. પાકિસ્તાનના મંત્રીએ કહ્યું, ×મસ્તુંગ આત્મઘાતી બોમ્બ ધડાકામાં સામેલ તત્વો સામે નાગરિક, સૈન્ય અને અન્ય તમામ સંસ્થાઓ સંયુક્ત રીતે પ્રહાર કરશે. આત્મઘાતી હુમલામાં ઈછ૭ સામેલ છે.× પોલીસે તપાસ શરૂ કરવા માટે શનિવારે એક રિપોર્ટ દાખલ કર્યો હતો, જેમાં જણાવ્યું હતું કે તેઓએ આત્મઘાતી બોમ્બરના ડીએનએ વિશ્લેષણ માટે મોકલ્યા છે. બલૂચિસ્તાનમાં મદીના મસ્જિદ પાસે મસ્તુંગ નામના સ્થળે થયેલા પ્રચંડ આત્મઘાતી વિસ્ફોટમાં કુલ ૬૦ લોકો માર્યા ગયા હતા અને ૬૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ખૈબર પખ્તુનખ્વાના હંગુમાં એક પોલીસ સ્ટેશન મસ્જિદને નિશાન બનાવતા બીજા બોમ્બ હુમલામાં, વિસ્ફોટની અસર હેઠળ મસ્જિદની છત તૂટી પડતાં પાંચ લોકો માર્યા ગયા અને ૧૨ અન્ય ઘાયલ થયા. શનિવારે, ડોને કાઉન્ટર-ટેરરિઝમ ડિપાર્ટમેન્ટના એક નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે એક અજાણ્યા હુમલાખોર વિરુદ્ધ હત્યા અને આતંકવાદના ગુનાના આરોપો સાથે એફઆઈઆર નોંધવામાં આવી છે. ×અત્યાર સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી, જોકે, પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન, જે પાકિસ્તાનમાં કેટલાક સૌથી લોહિયાળ હુમલાઓ માટે જવાબદાર છે, તેણે સંડોવણીનો ઈનકાર કર્યો છે,× અહેવાલમાં જણાવાયું છે. સીટીડીએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ ચાલુ છે અને હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. દરમિયાન, બલૂચિસ્તાનની સંભાળ રાખનાર સરકારે હુમલાને પગલે ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:153
વિષયઃ -સનાતન ધર્મ અને ધર્માંતરણ શીર્ષકઃ"સનાતન ધર્મ નો જય હો"
પ્રકારઃગધ્ય. શબ્દોઃ૨૫૩
લેખક નું નામઃ જિતેન્દ્ર શાહ.

ખ્રિસ્તી ધર્મ ૨૦૨૩ વર્ષ જુનો છે.મુસલમાન ધર્મ.૧૪૦૦ વર્ષ જુનો છે.આ લોકો એ તલવાર નાં બળે કે પૈસા નાં જોરે આપણાં પૂર્વજો ને હિન્દુ ધર્મ માંથી ખ્રિસ્તી ધર્મ કે મુસલમાન ધર્મ માં વટલાયાં.જે ના વટલાયાં તે સનાતની હિન્દુ બની ને ટકી રહ્યાં.તેમને ના તો તલવાર નું બળ તોડી શક્યું કે ના તો પૈસા નું જોર તોડી શક્યું.સલામ આવાં પૂર્વજો ને કે જેને કારણે સનાતની હિન્દુ ધર્મ ની સંસ્કૃતિ ટકી રહી.ભારત દેશ માં ખ્રિસ્તી અને મુસલમાન ધર્મ સિવાય નાં ધર્મો સનાતની ધર્મ નાં ફાંટા છે.પછી તે જૈન હોય,વૈષ્નવ હોય,બ્રાહમણ હોય,શીખ હોય કે બૌધ્ધ હોય.સનાતની ધર્મ માં કોઈ દિવસ ધર્માંતર નો ઉલ્લેખ જ નથી.કારણ કે તે તેમાં માનતું જ નથી. દુનીયાં નાં ઘણાં દેશો માં ખોદકામ કરતાં પુરાતન સનાતન ધર્મ નાં અવશેષો મળેલ છે.પૌરાણિક ગ્રંથો માં તેની વિગતવાર નોંધ છે.ભગવાન રામ,કૃષ્ણ ,મહાવીર,બુધ્ધ અને ગુરુનાનક ની નાના માં નાની વિગતો પૌરાણિક ગ્રંથ માં પ્રમાણિત થયેલ છે.અને ધર્માન્તર કરાવવાં વાળાં ખ્રિસ્તી અને મુસલમાન ધર્મો સનાતન ધર્મ નાં ભગવાનો નાં "બર્થ ડે"સર્ટીફીકેટ માંગે છે. પહેલાં એમની જાત ને પૂછો કે તમારાં બાપ-દાદા ક્યાં ધર્મ નાં હતાં તેનું સર્ટીફીકેટ લાવ.રામસેતુ ને બોગસ બતાવનાર ને તો ઈસરો એ પ્રુવ કર્યું કે તે સાચો છે.વાંક આપણો છે કે આપણે એવાં પોલીટીકલ નેતાઓ ની પાછળ દોડીએ છીએ કે જે મંદિર માં જનોઈ પહેરે અને મસ્જિદ માં ટોપી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO-158
નામ : પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
વતનઃ સુરેન્દ્રનગર
વિષયઃ સનાતન ધર્મ અને ધર્માંતરણ...
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ આ છે સનાતન ધર્મ...

યુગ? યુગાન્તરથી ચાલ્યો આવતો ધર્મ,
જુનો,આદિકાળનો ધર્મ
આ છે સનાતનધર્મ !

સત્ય, શૂરવીરતા, ત્યાગ, સંયમ, સેવા, સદાચાર,
શાશ્વત, ચિરસ્થાયી, કાયમી, સદા નિરંતર,
અનંત અને અમર ધર્મ,
આ છે સનાતનધર્મ .!

પ્રાચીન ધર્મોમાંનો એક, ધર્મમાં રહેવું પડે નેક,
હજારો વર્ષના અનુભવની છે ગાથા,
જ્ઞાનની અમોલ સંપત્તિ,
આ છે સનાતનધર્મ .!

આપે સુખ શાંતિ સમૃદ્ધિ,
કરાવે આત્માની ઉન્નતિ,
સાધના થકી સંગ્રહિત,
આ છે સનાતનધર્મ .!

કરાવે પ્રાપ્તિ મનુષ્યને મનુષ્યત્વ,
છોડાવે અહંકાર અહમ રાગદ્વેષ,
કરે છે પ્રસ્થાપિત સત્યતા,
આ છે સનાતનધર્મ .!

જ્ઞાન,ભક્તિ અને કર્મ,
જીવન જીવતાં શીખવે ધર્મ,
સંતો પાળતાં વડો ધર્મ,
કર્મ એજ ધર્મ,
કર્મ થકી મનુષ્ય મહાન,
કર્મ થતી સારા જહાન,
આ છે સનાતનધર્મ .!

કરે રક્ષણ મનુષ્ય તણું, સ્વરૂપ થાય પરમાત્મા તણું ,
એકબીજા રાખે ન વેર, એકબીજાની કરે કેર,
માણસાઈ એ જ ધર્મ,
આ છે સનાતનધર્મ !

અધિકાર છે આપણો ધર્માંતરણ,
સ્વતંત્ર છો ચાહો પાડી શકો ધર્મ,
મૂળ એક સર્વ ધર્મ,
પોતાની માને મૂકી અવર માં નુ પયપાન કરવું,
આ છે ધર્માંતરણ.!
વ્યક્તિની માન્યતા પર આધારિત,
ધર્મથી રક્ષાયેલો ખરો રક્ષિત,
બધા ધર્મમાં છે સમાનતા,
ધર્મ એક વિચારધારા,
આ છે સનાતન ધર્મ.!

આ રચના મારી સ્વરચીત અને અપ્રકાશિત છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષયઃ- સનાતન ધર્મ અને ધર્માંતરણ
શિર્ષક :- જીવો અને જીવવા દો

મૂલ્યો, આદર્શો ને સિદ્ધાંતો પર,
રચના થઈ સનાતન ધર્મની.
જીવનની ઘટિત ઘટનાઓમાં માને છે,
જવાબદારી છે વ્યક્તિના કર્મની.

રામ, કૃષ્ણ, બુદ્ધ, ગુરુ નાનકે ને અન્યે,
સનાતન ધર્મની વ્યાખ્યા કરી.
ખુદને સમયની કસોટીમાં તારવ્યા,
છતાંય ધર્મને પંથે ચાલ્યા હરિ.

માનવતા, કરુણા, ક્ષમા ને ત્યાગ,
ધર્મના પાયા ગણ્યા ચાર.
જીવો અને જીવવા દો,
સહુએ કરી બસ એક જ પોકાર.
ધર્મગુરુઓએ ધર્મની પતાકા લહેરાવી,
ના કોઈને જબરજસ્તી કંઠી પહેરાવી.
ન્યાય, સમાનતા ને સ્વ સુધારણાની દાંડી પિટાવી,
ના કશુંય લૂંટ્યું, ના કોઈનું કંઈ લીધું પડાવી.

એકસૂત્રે બાંધ્યા સહું હિન્દુઓને,
સમજાવી જીવન જીવવાની કળા.
સંગઠન શક્તિનો મહિમા સમજાવ્યો,
જુદા-જુદા મણકાને પરોવી એકસૂત્રે, દીધી એક માળા.

ક્યારેય ભૂખ ને ગરીબી ખરીદી નથી,
ધર્મને નામે મજબૂરોના આત્માને ઠેસ દીધી નથી.
ધર્મ વ્યક્તિની પસંદ અને લોહીમાં વણેલી ઓળખ છે,
વિકાસને નામે અન્ય ધર્મોએ બનાવી જિંદગી દોઝખ છે.

જ્યાં આફત જોઈ ત્યાં મદદ સનાતની પહોંચાડે છે,
ના બદલામાં કોઈ અપેક્ષા કે ના કોઈ શરતો બતાડે છે.
સહુના મંગલની ને વિશ્વશાંતિની કામના હૈયે ધરી,
સનાતન ધર્મ વિશ્વના ખૂણે ખૂણે આહલેક જગાડે છે.
અલકા નવીનચંદ્ર મહેતા
ગાંધીનગર..૦૧/૧૦/૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 126
વિષય : સનાતન ધર્મ અને ધર્માંતરણ
શિર્ષકઃ ધર્માંતરણ
શબ્દોઃ ૪૨૨
નામ : મોહનભાઈ" આનંદ"

ધર્મ તો સનાતન છે, શાશ્વત છે, એ કોઈ હિન્દુ -મુસ્લિમ -ઈસાઈ યહૂદી તાઓ વગેરે નથી. ધર્મ એટલે પ્રાકૃતિક ગુણોથી, પંચીકરણ દ્વારા મળેલા માનવી શરીર દ્વારા નિર્વાહ માટે થતું આચરણ, એટલે કે કર્મ, જે બીજા નો હક છીનવી લેતો નથી, પોતાનું અને વિશ્વના તમામ જીવોનું પોષણ થાય એ ધર્મ છે. અને સ્વાર્થ વશ શોષણ થાય એ અધર્મ છે.

ધૃ ધાતું ઉપર થી શબ્દ ધર્મ આવ્યો, એનો અર્થ ધારણ કરવું, નિષ્ઠાપૂર્વક પોતે કરેલા કર્મ વડે, બીજાને નુકશાન પહોંચાડયા વગર જીવીએ એ ધર્મ. આ વિશ્વમાં ધર્મ સનાતન છે, મતલબ ચૈતન્યમય સત્તા. એટલે કોઈ લેબલ લગાવીને કહેવાતો ધર્મ નથી પરંતુ સમગ્ર માનવજાતે આચરણમાં મુકવાનો સદગુણોના ઉપાર્જન અને દુર્ગુણોના વિસર્જનનો ધર્મ છે. પ્રેમ, ભાઈચારો, સહિષ્ણુતા, દયા , કરુણા, દાન તપ,સદાચારીપણું, આવા સદગુણો દ્વારા સકામ -નિષકામ કર્મ કરવું, એ જ ખરો ધર્મ છે

બીજાના હકનું લેવું એટલે અધર્મ કહેવાય. હક અને ફરજ ધર્મના બે પાસાં છે. જરુરિયાત ના હોય છતાં સંગ્રહ કર્યો એ અધર્મ જ કહેવાય એવું ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે.ટુંકમાં કહીએ, તો કોઈ પણ ને હાનિ પહોંચે નહીં અને પોતાનો જીવનનિર્વાહ થાય અને ઉન્નતિ થાય એવા કર્મોનું આચરણ કરવું એ જ ધર્મ છે.


ધર્મમાં સમાનતા, સભાનતા, સમ્યક દર્શન, સમભાવ, સમયોચિત કર્મો અને આચરણ કરવું જોઈએ, જ્યાં ઊચ નીચ, ધૃણા, અસ્પૃશ્યતા હોય અને અમુક ચોક્કસ જાતિઓને નીચે ગણી જીવન જીવવાના હક, જેવાકે ભણતર , દેવદર્શન ઈત્યાદિ છીનવી લેવામાં આવે એ ધર્મ નથી.એના કારણે વિષમતાઓ સર્જાય છે,દેશના ટુકડા,ભાગલા પડ્યા ના ઉદાહરણ છે.અને ગુલામી પ્રાપ્ત થવાનું કારણ પણ ભેદભાવની રાજનીતિ છે
બીજા ધર્મોના લોકોએ આપણી ઉપર રાજ કેમ કર્યું ?તમને ગુલામીની ઝંઝીરો માં જકડ્યા હતા.ત્યારે બધા ધર્મગુરુઓ ક્યાં ઊંઘી ગયા હતા? અને વર્તમાનમાં પણ આ સ્થિતિ છે. શામાટે તમારો સુંદર શાશ્વત ધર્મ છોડીને કોઈ બીજા ધર્મોમાં લોકો ચાલ્યા જાય છે? એ મહત્વપૂર્ણ પ્રશ્ન છે. કહેવાતા ગુરુઓ કથા વાચકો શું કરી રહ્યા છે?
બીજી મહત્વની બાબત કે ,ગરીબ આદિવાસી, ને શુદ્રોના હક વિશે વિચાર્યું નથી, સંસદમાં, કોર્પોરેટ ક્ષેત્રે, બેંકોમાં, ન્યાયાલયમાં,સંરક્ષણ ક્ષેત્રે શુદ્ર વર્ણના લોકોને આજીવિકા મળતી નથી, અમુક જાતિ કે વર્ગના લોકો ને પ્રાધાન્યતા અપાય છે આવી અસમાનતા કેમ?

ખ્રિસ્તી મિશનરી ગરીબોની સેવાના નામે ધર્મના પ્રચાર પ્રસાર કરે છે ,પછી લોકો ધર્મ પરિવર્તન પછી કરી લે છે. બૌદ્ધ ધર્મનો અંગીકાર લાખોની સંખ્યામાં થઈ રહ્યો છે.
બધા ધર્મનાં ગુરુઓ પણ જાણે છે કે ધર્મના પરિવર્તન દ્વારા ધર્માચરણ સંખ્યા માં વધારો થાય ખરો, પણ માનવીય સદગુણોનો વિકાસ અને ધર્મ તરફ મતિ અને ગતિ થતી નથી. પરિણામે ધર્મ જે આનંદ સ્વરૂપ છે,તેની અનુભૂતિ કેવી રીતે થાય? છતાંય અજ્ઞાનતા વશ માનવી શાશ્વત ધર્મ સત્ય અને પ્રેમથી વિમુખ થઈ રહ્યો છે. પરિણામે દુઃખ અને અશાતિ ?છે.

## -થોડુંક જાણીએ-

??સમશાનમાં જયારે મહર્ષિ દધીચિના અંતિમ સંસ્કાર થઈ રહ્યા હતા તો એમના પત્નિ વિયોગ સહન ના કરી શક્યા અને પાસે વિશાળ પીપળાના ઝાડ નીચે તેમના ત્રણ વર્ષના પુત્રને મુકીને સળગતી ચિતામાં બેસીને સતી થઈ ગયા પીપળાના ઝાડ નીચે ભુખથી રડતુ બાળક પીપળાના નીચે પડેલા પાન, ને ફળ ખાઈને દિવસો પસાર કરવા લાગ્યુ અને ધીમે ધીમે પીપળાને જ ઘર માની ને મોટુ થવા લાગ્યો, એક દિવસ દેવર્ષિ નારદ ત્યાથી નિકળા ને બાળકને પુછ્યુ તુ કોણ છો ? બાળક કહે એ જ તો હુ જાણવા માંગુ છુ
નારદજીઃ- તારા માતા પિતા કોણ છે ?
બાળક કહે એ પણ ખબર નથી તમે મને કૃપા કરી ને બતાવો ત્યારે નારદજી એ ધ્યાન ધરી ને કહ્યુ કે બાળક તુ મહાન દાનવીર મહર્ષિ દધીચિનો પુત્ર છો તારા પિતાની અસ્થીમાંથી જ વજ્ર બનાવીને દેવોએ અસુરો પર વિજય મેળવ્યો હતો તારા પિતાનુ એકત્રીસ વર્ષની ઉંમર માજ મૃત્યુ થયુ હતુ,
બાળક :- મારા પિતાની મૃત્યુનું કારણ શું હતુ ?
નારદજીઃ- તારા પિતા પર શનિદેવની મહાદશા હતી જે પણ કઈ તારે સાથે થયુ તે શનિદેવની મહાદશાને કારણે થયુ નારદજીએ બાળકનું નામ પીપ્લાદ રાખીને જતા રહ્યા પીપ્લાદે નારદજીના કહેવા પ્રમાણે બ્રહ્માજીનું ઘોર તપ કર્યુ બ્રહ્માજી પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યુ પિપ્લાદે પોતાની દ્રષ્ટીથી કોઈ પણ ને ભસ્મીભુત કરવાની શકિત માંગી
હવે વરદાન મળ્યા પછી તરત પિપ્લાદે શનિદેવનું આહ્વવાન કરીને બોલાવ્યા અને પોતાની દ્રષ્ટીથી ભષ્મ કરવાનું ચાલુ કર્યુ
બ્રહ્માંડમાં હાહાકાર થય ગયો સુર્ય પોતાના પુત્રને સળગતા જોયને બ્રહ્માજી પાસે ગયા ત્યારે બ્રહ્માજીએ આવીને બાળકને બોવ સમજાવ્યો ને બીજા બે વરદાન માંગવા કહ્યુ ત્યારે બાળકે શનિદેવને મુક્ત કર્યા
અને પહેલુ વરદાન માગ્યુ કે કોઈ પણ બાળકના જન્મ પછી પાંચ વર્ષ સુધી બાળકની કુંડલીમાં શનિ કોઈ પણ રીતે અસર ના કરવો જોઈએ જેથી કરીને મારી જેમ બીજા દુઃખી ના થાય,બીજુ મને પીપળાના ઝાડે જ મોટો કર્યો છે એટલે જે કોઈ સુર્યોદય પહેલા પીપળાના ઝાડને પાણી ચઢાવશે તેને શનિની મહાદશાની અસર નહી થાય બહ્માજી એ તથાસ્તુ કહ્યુ પિપ્લાદે પોતાના બ્રહ્મદંડથી શનિદેવના પગ પર વાર કર્યો અને મુક્ત કર્યા ત્યારથી શનિદેવની ચાલ ધીમી થઈ ને " શનૈઃ ચરતિ યઃ શનૈશ્ર્વરઃ " જે ધીમે ચાલે છે તે શનેશ્ર્વર કહેવાયા અને આગને લીધે તેમનું શરીર કાળુ થઈ ગયુ, શનિદેવની કાળી મૂર્તિ અને પીપળાની પુજાનો ધાર્મિક હેતુ આ છે આગળ જઈ ને પિપ્લાદે પ્રશ્ર્ન-ઉપનિષદની રચના કરી જે આજે પણ જ્ઞાનનો ભંડાર મનાય છે, પીપળો ચોવીસ કલાક ઓકિસજન, પ્રાણવાયુ આપે છે ભગવાન વિષ્ણુએ વૃક્ષમાં હું પીપળો છું એવુ કહ્યુ છે અને આપણે પીપળાને ભૂત સાથે જોડી દીધો.

# આજે આધુનિક યુગમાં પણ આખા વિશ્વમાં ગાંધીજીના સમર્થકો વધતા જાય છે.



ગુજરાતના નાનકડા પોરબંદર શહેરમાં પિતા કરમચંદ અને માતા પૂતળીબેનને ત્યાં ગાંધીજીનો જન્મ મોહન તરીકે થયો હતો ગાંધીજીનું મૂળ નામ મોહનદાસ કરમચંદ ગાંધી છે.આ વિશ્વમાનવે જગતને સત્ય અને અહિંસાના બે અમોઘ શસ્ત્રો આપ્યા જે આજે આધુનિક યુગમાં વધુ પ્રસ્તુત છે જેમ જેમ સમય વીતતો જાય છે એમ એમ ગાંધીજી અને ગાંધીવિચાર ધારા વધુને વધુ પ્રસ્તુત બનતા જાય છે. અંગ્રેજી શાસન સામે લડત આપનાર ગાંધીજીએ અંગ્રેજોના દીલ પર શાસન કર્યું હતું તેથી જ લંડનમા બ્રિટિશ રાણીના મહેલ બંકિમહામ પેલેસના પ્રાગણમા આજે પણ ગાંધી પ્રતિમા આજે પણ ઉભી છે બીજા એક અંગ્રેજ રિચાર્ડ એટનબોરોએ ગાંધીજીની મહાનતા પ્રગટ કરતી ઓસ્કાર વિનર ફિલ્મ ગાંધી બનાવી ગાંધીજીએ આઝાદીની લડત સત્ય પ્રેમ અને અહિંસાથી પાર પાડી હતી વિદેશી માલનો બહિષ્કાર કર્યો હતો ભારત છોડો આંદોલન સમાજ સુધારણા સાથે જોડી દીધું હતું હિસક રમખાણોમા સામી છાતીએ નિશસ્ત્ર ધસી જવાની હિંમત ગાંધીજી સિવાય બીજું કોઈ કરી શકે નહી ઘ્રુણા સામે પ્રેમથી મક્કમતાથી પ્રતિકાર ગાંધીજી કરતા હતા સાદાઈ ત્યાગ મક્કમતા બલિદાન જેવી અસંખ્ય બાબતો એક જ જીવનમાં કદાચ અન્ય વ્યક્તિથી સંભવ નથી ગીતા કુરાનના આદર્શને દયાનમાં રાખી માનવતા માનવ ધર્મને જ મહત્વ આપ્યું ગાંધીજી પ્રસિદ્ધિ સસ્તી લોકપ્રિયતાથી બહુ દુર હતા પોતાની ભુલ હોય તો તરત કબૂલ પણ કરી દેતા હતા
ધાર્મિક રજવાડાઓથી દુર રહ્યા
ગાંધીજીનું ચીરપરિચિત બોખું હાસ્ય કોણ ભુલી શકે?
ગાંધીજી હંમેશા કહેતા બધા ધર્મો સાચા છે બધા જ ધર્મો સચ્ચાઇ ઈમાનદારી નીતિનો રસ્તો બતાવે છે ગાંધીજીને સમજવાનું આપનું ગજુ પણ નથી.ગાંધીજીએ ક્યારેય કોઈ હોદ્દો સ્વીકાર્યો નહોતો ગાંધીજી લોકોના દિલમાં હૃદયમાં મનમસ્તીકમાં રાષ્ટ્રપિતા તરીકેનું આદરભર્યું માનભર્યું સ્થાન ધરાવે છે
ગાંધીજીનું સમર્પણ અર્પણ તર્પણ રાષ્ટ્ર માટે જ હતું
આવા મહાન યુગપુરુષની સંપત્તિ જુવો ગાંધીજી પાસે માલમિલ્કતમા હાથે વણેલી ખાદી કેડે બાંધેલી બાવા આદમના જમાનાની ઘડિયાળ લાકડી અને રેટીઓ.
ગાંધીજી રાષ્ટ્રભક્ત ગરીબોના બેલી પછાત દલિતોના હક માટે આજીવન ઝઝૂમનાર સાચા લોકસેવક હતા
આજે પણ દિલ્હીમાં ગાંધીજીની સમાધિ રાજઘાટ પર દુનિયાભરના સાધારણ માણસોથી માંડીને દેશવિદેશના મહાનુભાવો વડાપ્રધાન રાષ્ટ્રપત્તિ પ્રમુખો પોતાનું મસ્તક ઝુકાવી ફૂલ ચડાવી નતમસ્તક શ્રધ્ધાજલિ અર્પણ કરે છે ધરતી પર કદી કદી જન્મ લેનાર ગાંધીજી જેવા મહામાનવને સમગ્ર ભારતવાસીઓ તરફથી કોટી કોટી વંદન.
અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

## ચાંદલિયો

છે! મનની મૂંઝવણ,
કોને કહું આજ...!

સુંદર સૌંદર્યની વાટડી,
જોવુ છું મારે કાજ...!

શીતલ લહેરોની રાત,
મોહ મોહની ભાત...!

કાળી કાળી વાદળીમાં,
જોવું અનેરો ચાંદ...!

ઝરુખે સાંભરે સે,
મોરલીના સાદ...!

ચાંદલિયો ઊગ્યો ચોક,
પૂનમ કેરી રાત...!

ઉર્વશી મહેતા. પાટણ

## કરી શકો!

દોષી નથી હું એટલું માહિત કરી શકો!
થંભી ગયા તમે, તો ના સાબિત કરી શકો!

હીમત કરીને આજમાં કરશો પ્રવેશ, તો!
એક બે ભવિષ્યવાણીને ખંડિત કરી શકો.

માનવતા માનવીને મળી છે જ એટલે!
નફરત કરી કોઈને, ના ત્રાહિત કરી શકો.

હું એટલું શીખી છું પ્રણયની રમતમાં કે!
દિલ ને દિમાગ વહેમથી વંચિત કરી શકો.

બેસી તમારી પાસે જરા ખુદને જાણજો,
જાણી જશો તો ખુદને જ પંડિત કરી શકો.

આવે સમજમાં આટલું તો પણ ઘણું ય છે!
ના હિત કરી શકો તો ના દંડિત કરી શકો.

કાજલ કૃષ્ણપ??

## ચાલો બાપુને યાદ કરીએ

આવી જયંતિ બાપુ કેરી;
ચાલો બાપુને યાદ કરીએ.

બાપુ પ્રતિમા સ્વચ્છ કરી;
સ્વચ્છતા સંદેશ વહેતો કરીએ;
ચાલો બાપુને યાદ કરીએ.

સૂતર કેરા હાર પહેરાવી;
આજે એકાદ સેલ્ફી પણ
લઈએ;
ચાલો બાપુને યાદ કરીએ .

ઝાડુ લઈ થોડી સફાઈ કરીએ;
અખબારો પાને દઈને
ચમકિયે;
ચાલો બાપુને યાદ કરીએ,

ક્યાં જોયેછે બાપુ આપણને;
એની રાહે ચાલવા ડોળ
કરીએ;
ચાલો બાપુને યાદ કરીએ.

આવી જયંતિ બાપુકેરી;
ચાલો બાપુને યાદ કરીએ.

**મહેશ સોની નખત્રાણા**

# ગાંધીનગરમાં ૧લી ઓક્ટોબરનાં દિવસે ? એક તીર્થ,એક કલાક એક સાથે ? અંતર્ગત ૨૨ સ્થળો ખાતે કરવામાં આવ્યું શ્રમદાન થકી સ્વચ્છતા અભિયાન.




૨ જી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીને જન્મ જયંતીની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જનઅંદોલનની ઉજવણી કરવામાં આવે છે.તેથી આ દિવસને ?સ્વચ્છ ભારત દિવસ ?(જીમ્હ) તરીકે ઉજવવામાં આવે છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ થી તા.૨ ઓક્ટોબર ૨૦૨૩ સુધી સંયુક્ત રીતે સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે

સ્વચ્છતા પખવાડીયા - સ્વચ્છતા હી સેવા ૨૦૨૩નાં ભાગરૂપે, મહાત્મા ગાંધીજીને તેમના જન્મની પૂર્વસંધ્યાએ શ્રદ્ધાંજલિ તરીકે દેશભરમાં ૧ ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે નાગરિકોની ભાગીદારી સાથે “એક તીર્થ,એક કલાક એક સાથે“ શીર્ષક હેઠળ એક વિશાળ સ્વચ્છતા ઝુંબેશ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૦૧/૧૦/૨૦૨૩,રવિવારનાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે "એક તીર્થ,એક કલાક,એક સાથે" કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક વોર્ડમાં બે સ્થળો ખાતે એમ કુલ ૨૨ સ્થળોએ શ્રમદાન થકી સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં શહેરનાં ૫૦,૦૦૦ જેટલા નાગરીકો અને મહાનુભાવોએ શ્રમદાન કર્યુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા કક્ષાનો "એક તીર્થ,એક કલાક,એક સાથે" કાર્યક્રમ સેકટર-૨૧ ખાતે શહેરનાં પ્રથમ નાગરિક એવા મેયરશ્રી હિતેશભાઈ મકવાણાની આગેવાની હેઠળ યોજવામાં આવેલ. જેમાં શહેરી વિકાસ વિભાગ અને ગૃહ નિર્માણ વિભાગનાં અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર, હાઉસિંગ અને નિર્મળ ગુજરાત વિભાગનાં સચિવશ્રી આર.જી.ગોહિલ, સ્વચ્છ ભારત મિશન- અર્બન, ગુજરાતનાં ડાયરેક્ટરશ્રી ભવ્ય વર્મા, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, શહેર પ્રમુખ શ્રી રૂચિરભાઈ ભટ્ટ,વોર્ડ કાઉન્સીલરશ્રીઓ, ઉમ્મીદ ફાઉન્ડેશનનાં સભ્યો તેમજ અર્થ કિડ્સ હ્યુમિનીટી ફાઉન્ડેશનનાં બાળકો, વેપારી મંડળનાં સભ્યો તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી શ્રમદાનનાં કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે શહેરની સફાઈ કામગીરી કરતી એજન્સી ગ્રીન ગ્લોબ સોલ્યુશન દ્વારા જટાયુ- ગાર્બેજ સકશન મશીનનું લોકાર્પણ પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.શહેરની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ અને ઉમદા કામગીરી કરતા સફાઈ કર્મચારીઓને પણ રાશનકીટ આપીને આ પ્રસંગે બિરદાવવામાં આવ્યા હતા.



આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ નું આહવાન એક કલાક સ્વચ્છતા માટે તથા "સ્વચ્છતા એ જ સેવા" અંતર્ગત આપેલ "એક તારીખ એક કલાક " કાર્યક્રમ અન્વયે તારીખ ૦૧-૧૦-૨૦૨૩ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે વોર્ડ -૧૦ સેક્ટર -૬/ડી શહેરી બસ મથક ખાતે સેવાકાર્ય સ્વચ્છતા અભિયાનમાં ગાંધીનગર મહાનગર ના પૂર્વ પ્રમુખ એવમ કાઉન્સિલર મહેન્દ્રભાઈ પટેલ(દાસ), પોપટસિંહ તથા તથા વોર્ડના હોદ્દેદાર શ્રીઓ, જૈમિન વૈદ્ય , રાજભા, શિરિષ મોદી, અરવિંદ ઠાકોર તથા ટીમ,વસાહતી મંડળ ના હોદ્દેદારો (જસવંત ગાંધી ની ટીમ)આ અભિયાન માં જોડાયા હતા.

# સમગ્ર અરવલ્લી જિલ્લામાં ’એક તારીખ, એક કલાક’ના સૂત્ર સાથે “સ્વચ્છતા હિ સેવા” અંતર્ગત મહાશ્રમદાનની પ્રવૃત્તિઓ હાથ ધરાઈ



શ્રમદાનના કાર્યક્ર્મમાં સમગ્ર જિલ્લામાં વિવિધ જગ્યાઓએ સફાઈ અભિયાન હાથ ધરાયુ જેમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્યશ્રીઓ અને સંગઠનના હોદ્દેદારોએ જોડાઈને જિલ્લા ભરમાં અભિયાન હાથ ધર્યુ સ્વચ્છતાના આગ્રહી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ દિવસને કેન્દ્રમાં રાખીને ઓક્ટોબર મહિનામાં ‘સ્વચ્છતા હી સેવા‘ ના સૂત્ર સાથે પખવાડાની ઉજવણી અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આજે તા.૧ લી ઓક્ટોબર, ૨૦૨૩ ને રવિવારના દિવસે દેશના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જન-પ્રતિનિધિઓની આગેવાની હેઠળ ‘એક તારીખ, એક કલાક‘ સૂત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેના ભાગરુપે અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ મેઘરજ ખાતેથી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રીએ માલપુર તાલુકાના ગોવિદપુર ખાતેથી, ભિલોડા ધારાસભ્યશ્રીએ ભિલોડા તાલુકાના વાંકાટીંબા ખાતેથી તેમજ બાયડ ધારાસભ્યશ્રીએ બાયડ ખાતેથી પોતાના વિસ્તારમાં સફાઈ અભિયાનમાં જોડાઈને શ્રમદાન કરવા અને પોતાના ઘર-ઓફિસ તથા જિલ્લાના તમામ ગામોને કાયમ માટે સ્વચ્છ રાખવા જન સમુદાયને અપીલ કરી હતી.

# રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા સ્વચ્છતા માટે શ્રમદાનની ઉજવણી કરી આરોગ્ય કેન્દ્રોની સાફ સફાઈ કરાઈ



સ્વચ્છતા બાબતે લોકોમાં જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા હી સેવા-સ્વચ્છતા માટે શ્રમદાનના આ વર્ષના કચરા મુક્ત ગુજરાત અને કચરા મુક્ત ભારતના ઉદેશને સાકાર કરવા માટે રાજુલા તાલુકાના દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧ ઓક્ટોબરના રોજ સવારના ૧૦થી ૧૧ વાગ્યા સુધી સ્વચ્છતા થકી મહાશ્રમદાની ઉજવણી કરી લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા.

રાજુલા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે કમ્પાઉન્ડ હોલ,આરોગ્ય કેન્દ્રની અંદરનો વિસ્તાર અને સાધનોની સાફ-સફાઈ કરી લોકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો કરી મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા ત્યા જ પ્રભુતાના સંદેશને ખરા અર્થમાં સાકાર કરવામાં આવેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરીયા દ્વારા ડોળીયા અને ડુંગર આરોગ્ય કેન્દ્ર ખાતે હાજર રહી સ્વચ્છતા અભિયાનમા સહભાગી થયેલ.

સ્વચ્છતા માટે શ્રમદાનના આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.એન.વી.કલસરિયા,ડૉ.જયકાંત પરમાર,ડૉ.પરેશ કાતરીયા,ડૉ.પ્રતાપ પોપટ,વૈભવી લાડુમોર,કામિનીબેન ચુડાસમા,માલતીબેન પીપળીયા અને મયંકભાઈ ત્રિવેદી સહિતના આરોગ્ય સ્ટાફ દ્વારા કામગીરી કરી સ્વચ્છતા માટે શ્રમદાનની એક કલાક ફાળવેલ જે યાદીમાં જણાવેલ છે.

## ઉમિયા માતાજીના ૧૨૫ માં પ્રાગટ્યા દિને

# માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ પાટીદાર સમાજની કાર રેલીનું પ્રસ્થાન કરાવ્યું: કારરેલી સીદસર જવા રવાના

સમગ્ર કડવા પાટીદારોની ઈષ્ટ આરાધ્યા દેવી ભગવતી ઉમિયા માતાજીના ૧૨૫ માં પ્રાગટ્ય દીને ઉમિયાધામ સિદસર મુકામે ઉમિયા મહોત્સવમાં ભાગ લેવા અહીના પાટીદાર સમાજે એક કારરેલી નું આયોજન કર્યું હતું.આ કાર રેલીમાં ૨૦૦ મોટર કારનો કાફલો સામેલ હતો. અને જીઇબી ચોક ખાતેથી નીકળી સરદારગઢ, પાટણવાવ, ઉપલેટા અને પાનેલી વગેરે ગામોમાંથી પસાર થઈને ઉમિયાધામ સીદસર ગામે જવા રવાના થયો હતો તેને માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું.ઉમિયાધામ શીદસર ખાતે ઉમિયા પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત મહા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ હાજરી હોવાથી પાટીદાર સમાજમાં ઉત્સાહ અને ઉમંગ અનેક ગણા વ્યાપી ગયા છે અને તાલુકાના તમામ પાટીદારો આ મહોત્સવમાં



પહોંચવા અધીરા બન્યા છે. જેના સંદર્ભે આકાર રેલી નું આયોજન કરવામાં આવ્યું હતુ.



ગઈ કાલે સાંજે ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની વહીવટી કચેરી ખાતે વહીવટીતંત્ર દ્વારા વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા કર્મચારીઓ માટે વિદાય સમારંભ નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમારંભમાં નિવૃત્ત થયેલ કાર્યપાલક ઈજનેર શ્રી ટી.એ.પટેલ અને જુનિયર ઈજનેર શ્રી આર.એસ.પટેલ નું જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા ઈન્ચાર્જ મુખ્ય ઈજનેરશ્રી એચ.એમ.પટેલના હસ્તે સ્મૃતિચિન્હ(મોમેન્ટો) અને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરી તેઓની સેવાઓને બિરદાવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે એશોસીએશનના એડિશનલ જનરલ સેક્રેટરી શ્રી એ.ઝેડ.લીંબાચીયા અને ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેરશ્રી વી.સી.નાયક ઉપસ્થિત રહ્યા હતા.એ.ઝેડ. લિંબચિયા

# આ ગૌરવ છે આધ્યાત્મનું, આ ગૌરવ છે જ્ઞાનનું..




અમેરિકાની ધરતી પર ડો. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીનું ન્યૂયોર્ક સ્ટેટ એસેમ્બલી દ્વારા "સાઈટેશન" આપીને ભવ્ય સન્માન કરાયું. મેમ્બર ઓફ એસેમ્બલી, મિ. ડેવિડ વેપ્રીન એ એક ભવ્ય સમારોહમાં આ ઉચ્ચ સન્માન જાહેર કરેલ.તેમનું આ ગૌરવપ્રદ સન્માન સામાજિક યોગદાન અને જીવન ઉત્કર્ષની પ્રેરણા બદલ, નિશ્ચય અને દીપ્તિનું ઉદાહરણ પૂરું પાડવા બદલ, અપ્રતિમ સામાજિક આગેવાની બદલ તેમજ ઉત્કૃષ્ટ વ્યક્તિ જે દેશના સન્માનને પાત્ર છે બદલ કરવામાં આવ્યું.ડો. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીનું આ સન્માન બદલ સમગ્ર ભારતવાસીઓ અત્યંત ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.




અમેરિકન બોર્ન અવ્યાન પ્રથમ વખત ઈન્ડિયા અમદાવાદ તેના દાદી પાસે આવ્યો ત્યારે કેક કાપી સમગ્ર પરિવારે આવકાર આપ્યો હતો



આજે ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવેલ ખાસ ઝુંબેશ ‘‘સ્વચ્છતા હી સેવા’’ પ્રસંગે, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા અમદાવાદ ઝોને ૧ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ સ્વૈચ્છિક શ્રમ દ્વારા સફાઈ કરીને ‘‘સ્વચ્છતા હી સેવા’’ નો વાસ્તવિક સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે બેંકના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ અમદાવાદ સ્થિત બેંકની વિવિધ શાખાઓ અને જાહેર સ્થળોની સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો.‘‘સ્વચ્છતા હી સેવા’’ ઝુંબેશ અમદાવાદ ઝોન, ગાંધીનગર, બરોડા, સુરત, રાજકોટ, જામનગરની વિવિધ પ્રાદેશિક કચેરીઓમાં પણ હેતુપૂર્વક યોજવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.